ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

## વૃદ્ધ અને સહાયપાત્ર લેખકોને 'માસિક આર્થિક સહાય યોજના' અંતર્ગત સહાય મેળવવા માટેના શરતો અને નિયમો

(૧) આવેદનપત્ર સંપૂર્ણ વિગત સાથે ભરેલું હોવું જોઈએ. અધૂરું આવેદનપત્ર ભરેલું હશે તો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૨) કઈ ભાષા કે અકાદમી અંતર્ગત સહાય મેળવવા માંગો છો તેની સ્પષ્ટ વિગત જણાવવાની રહેશે.

(૩) જો કોઈ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યાં હોય તો તેનું નામ, પ્રકાશન વર્ષ, અને પ્રકાશકની સંપૂર્ણ માહિતી દર્શાવવાની રહેશે.

(૪) સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કે શ્રેષ્ઠ કામગીરી હશે તો જ ઉક્ત આર્થિક સહાયમેળવવાને પાત્ર બનશે.

(૫) સાહિત્ય ક્ષેત્રે કોઈ વિશિષ્ટ પ્રદાન બદલ ઍવૉર્ડ કે પુરસ્કાર મળેલ હોય તો તેની વિગત દર્શાવવી.

(૬) જે ખાતા કે વિભાગમાં અગાઉ નોકરીમાં જોડાયેલ હોય તો તેની સંપૂર્ણ વિગતો આપવાની રહેશે.

(૭) પેન્શન મળતું હોય તો તેઓને સહાય મળવાપાત્ર થશે નહીં.

(૮) પરિવારના સભ્યોની સંખ્યા અને પરિવારની જવાબદારી વિશે સ્પષ્ટ માહિતી આપવાની રહેશે. તેની સાથે રેશનકાર્ડ અને આધારકાર્ડની નકલ સામેલ કરવાની રહેશે.

(૯) આવકનો દાખલો મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા પરિવારની વાર્ષિક મર્યાદા ગ્રામીણ વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં આવક રૂ. ૧,૫૦,૦૦૦/–થી ઓછી હોય તે અંગેનું પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

(૧૦) આવેદકની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય તેને જ આ યોજનાનો લાભ મળશે.

***



gsagandhinagar@gmail.com | www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com